# કોલેજ સમયથી જ આંત્રપ્રિન્યોરશિપનું નોલેજ આપવું જોઇએ

## ઇ.ડી.આઇ.આઇ. ખાતે ઇન્ફોસિસના કો-ફાઉન્ડર એસ. ગોપાલ ક્રિષ્ણને આંત્રપ્રિન્યોર્સ અને તેમની ન્યૂ જનરેશનમાં બદલાતા ટ્રેન્ડ વિશે વાત કરી



અમદાવાદ : ૦૬ જુલાઈ ૨૦૧૬

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયામાં નવા સ્ટુડન્ટ્સ માટે ખાસ ઈન્ટરેક્શન સેશનનું આયોજન કરાયું હતું. જેમાં ઈન્ફોસિસના કો-ફાઉન્ડર એસ. ગોપાલ ક્રિષ્ણન ખાસ હાજર રહ્યા હતા. તેઓએ આંત્રપ્રિન્યોર્સ અને માર્કેટના બદલાતા ટ્રેન્ડ વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યું હતુ કે, ભારતમાં આજે આંત્રપ્રિન્યોર્સ માટે નવીન પ્રકારનું વાતાવરણ બની રહ્યું છે, સાથે જ એ પ્રમાણે માર્કેટ પણ જોવા મળી રહ્યું છે. ગુજરાતી અને મારવાડી લોકોના લોહીમાં જ બિઝનેસ હોય છે. પરંતુ તેઓ પોતાના બિઝનેસમાં પોતાના સગા સંબંધીઓને વધારે ખેંચે છે, તેને વધારે નોકરી પર રાખે છે. પરંતુ તેની જગ્યા પર નવા લોકોને ચાન્સ આપવો જોઈએ. જરૂરિયાત પ્રમાણે માણસોની ભરતી કરવી જોઈએ. આજે સ્ટુડન્ટ્સ સ્ટીવ જોબ્સ, બિલ ગેટ્સ વગેરે લોકોના જીવન પરથી ઈન્સ્પાયર થઈને પોતાની લાઈફ આગળ વધારી રહ્યા છે. આજની જનરેશન નવી બાબતો પર ખૂબ જ વિચારે છે. આપણે કોલેજ લેવલ પર આંત્રપ્રિન્યોરશિપની વાતને રજૂ કરવી જોઈએ. જેથી કોલેજ સમયથી જ તેઓ પોતાના નવા નવા આઈડિયા ડેવલપ કરતા થશે.